# ગૂજરાત વિદ્યાપીઠ: અમદાવાદ-૧૪

વંચાણે લીધા:

- ભારત સરકારના DP&AR's O.M.No.28/10/84-PU Dated;29-8-1984નો આદેશ
- ભારત સરકારના No.28(10)/84-P&PW.Vol.II Dated; 7th February 1986નો આદેશ
- ભારત સરકારના No.28/30/2004-P&PW (B) Dated;26th July 2005નો આદેશ
- ભારત સરકારના No.28/30/2004-P&PW(B) Dated; 28/10/2009નો આદેશ
- ગુજરાત સરકાર, નાણાં વિભાગ ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી, તા.૧૦/૦૪/૨૦૧૩ના ઠરાવની નકલ
- ગૂજરાત વિદ્યાપીઠ, કાર્યવાહક સમિતિ બેઠક તા.૧૮/૦૯/૨૦૧૩, ઠરાવ:૧૬

## જાહેરનામુ

ભારત સરકાર અને ગુજરાત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક ૧થી ૫ના આદેશોથી ભારત સરકાર દ્વારા કેન્દ્ર સરકારની સેવામાથી રાજય સરકાર અને રાજય સરકારની સેવામાથી કેન્દ્ર સરકારની સેવામા આવાગમન કરતાં કર્મચારીઓ માટે તેમની અગાઉની સેવા પેન્શન માટે સળંગ ગણવા આદેશો બહાર પાડવામા આવ્યા છે આ આદેશો અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠની તા.૧૮/૦૯/૨૦૧૩ના રોજ મળેલ કાર્યવાહક સમિતિના ઠરાવ-૧૬થી તા.૦૧/૦૧/૨૦૦૪ કે ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠમા નિમણૂક પામેલ સેવકો જેમની અગાઉની સંસ્થાઓની સેવાઓ ભારત સરકારના નિયમોનુસાર પેન્શનપાત્ર સેવાઓ હોય તો અને તેમની નિમણૂક તા.૩૧/૧૨/૨૦૦૩ના રોજ કે તે પહેલા થઇ હોય તો તેમની અગાઉની સેવાઓ ગૂજરાત વિદ્યાપીઠની સેવાઓ સાથે સળંગ ગણી મળવાપાત્ર પેન્શનના તમામ લાભો ગૂજરાત વિદ્યાપીઠમાથી આપવામા આવશે. આ બાબતની જાણ સંબંધિત સેવકને કરવી અને તેમની અગાઉની સંસ્થાની સેવાઓ પેન્શનના તમામ લાભો સળંગ ગણવા સેવા જોડવા માટેની પ્રક્રિયા જે તે સંસ્થા મારફત સત્વરે હાથ ધરવા ઠરાવેલ છે આ બાબતની સંબંધિત સેવકોને જાણ થવા તેમજ જે તે સંબંધિત સેવકને અત્રેના કાર્યાલય દ્વારા જાણ કરવામા આવશે જેની જાણ માટે આ જાહેરનામુ બહાર પાડવામા આવે છે.

(ડૉ. રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

જા.નં. ૮૯૯ /વહીવટ/જાહેરનામુ/૨૦૧૩-૧૪ તા.૧૪/૧૦/૨૦૧૩

# ગૂજરાત વિદ્યાપીઠ: અમદાવાદ-૧૪

વંચાણે લીધા:

- UGC F.No.1-1/2002(PS) Pt. File-III Dated; 28th August 2009
- ગૂજરાત વિદ્યાપીઠ, કાર્યવાહક સમિતિ બેઠક તા.૧૮/૦૯/૨૦૧૩, ઠરાવ:૧૯

## જાહેરનામુ

યુજીસીના ક્રમાંક:૦૧ના આદેશને વંચાણે લઇ ગૂજરાત વિદ્યાપીઠ, કાર્યવાહક સમિતિની બેઠકમા તા.૧૮/૦૯/૨૦૧૩ રોજ ઠરાવ:૧૯ થી ઠરાવ્યા મુજબ ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને ઉમેદવારોને જેઓ તા.૧૧/૦૭/૨૦૦૯ પહેલા પીએચ.ડી. જાહેર થયા હોય, તા.૧૧/૦૭/૨૦૦૯ પહેલા પીએચડી. માટે નોંધણી થયા હોય અને તા.૧૧/૦૯/૨૦૦૯ પછી પીએચ.ડી જાહેર થયા છે, તેવા ઉમેદવારોની પીએચ.ડી.ની પદવી પ્રવેશ પ્રક્રિયા, કોસ વર્ક (પીએચ.ડી પ્રવેશ પહેલા એમ.ફિલ પૂર્ણ કરેલ હોવાથી) અને બાહ્ય મૂલ્યાંકનથી મૂલ્યાંકન કરી આપી છે, આથી ગૂજરાત વિદ્યાપીઠના પીએચ.ડી. ધરાવતા વિદ્યાર્થીઓ અને ઉમેદવારોની પીએચ.ડી. પદવી યુજીસીના અધિનિયમ-૨૦૦૯ અનુસાર હોવાથી યુજીસી દ્વારા તા.૨૮/૦૮/૨૦૦૯ના મળેલ સત્તાની રૂએ ગૂજરાત વિદ્યાપીઠમા તા.૧૧/૦૭/૨૦૦૯ પહેલા પીએચ.ડી. જાહેર થયા હોય અથવા નોંધણી થયા હોય અને તા.૧૧/૦૭/૨૦૦૯ પછી પીએચ.ડી. જાહેર થયા છે તેમને મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ જગ્યાઓમા NET/SLETની લઘુત્તમ લાયકાતમાથી મુકિત આપવા કાર્યવાહક સમિતિએ ઠરાવેલ છે. આ ઠરાવ ગૂજરાત વિદ્યાપીઠમાથી પીએચ.ડી પદવી મેળવી હોય અને તા.૧૧/૦૭/૨૦૦૯ પછી મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ જગ્યાઓમા નિમણૂક પામેલ ઉમેદવારોને લાગુ થશે તા.૧૧/૦૭/૨૦૦૯ પહેલા નિમણૂક પામેલ ઉમેદવારોને લાગુ થશે નહીં, જે સૌની જાણ માટે આ જાહેરનામુ બહાર પાડવામા આવે છે.

(ડૉ. રાજેન્દ્ર ખીમાણી)

કુલસચિવ

જા.નં. ૮૯૮ /વહીવટ/જાહેરનામુ/૨૦૧૩-૧૪ તા.૧૪/૧૦/૨૦૧૩